1. વસાહત એટલે શું? વસાહતોનું વર્ગીકરણ આપો.

➢ રહેઠાણોના સમૂહને વસાહત કહેવામાં આવે છે. માનવ વસાહતો બે પ્રકારની છે : (1) મૂહિક અથવા કેન્દ્રીય વસાહત અને (2) છૂટીછવાઈ અથવા પ્રકીર્ણ વસાહત. સામૂહિક અથવા કેન્દ્રીય વસાહતોના પણ બે પ્રકાર છે : (1) મીણ વસાહત અને (2) શહેરી વસાહત.

2. ગ્રામીણ વસાહતોનાં લક્ષણો જણાવો.

➢ ગ્રામીણ વસાહતોનાં લક્ષણો નીચે પ્રમાણે છે :  અહી વસતા લોકો પ્રાથમિક પ્રવૃત્તિઓ જેવી કે ખેતી, ખનન, વનિલ, પશુપાલન, મત્સ્યાયન પ્રવૃત્તિ કરે છે.  ખેતી એ ગ્રામીણ વસાહતોનું મુખ્ય લક્ષણ ગણાય છે.  વન્ય ક્ષેત્રોની નજીક વસેલી ગ્રામ્ય વસાહતોના લોકો વન્ય પેદાશો એકઠી કરવી, શિકાર અને ખનનપ્રવૃત્તિ વધુ કરે છે. સમુદ્ર અને નદી નજીકની ગ્રામ્ય વસાહતોના લોકો મત્સ્યાયન પ્રવૃત્તિ વધુ કરે છે.

3. ભારતમાં શહેરી વસાહત માટેના માપદંડ ક્યા ક્યા  છે.(March-18)

➢ ભારતમાં શહેરી વસાહત માટેના માપદંડ નીચે પ્રમાણે છે : કૂલ જનસંખ્યા 5000થી વધુ હોય, (2) વસ્તીની ગીચતા પ્રત્યેક ચોકિમી દીઠ 400થી વધુ હોય. (3) કામ કરનારા લો કોની 15 થી વધુ પુરુષો બિનખેતીકીય આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોય છે,

4. છૂટીછવાઈ માનવ વસાહતોનાં લક્ષણો આપો.

➢ છૂટીવાઈ માનવ વસાહતોનાં લક્ષણો નીચે પ્રમાણે છે : પર્વતીય પ્રદેશો, રણપ્રદેશો અને ઉચ્ચ ભૂમિપ્રદેશોમાં છુટીછવાઈ છે વિસાહતો જોવા મળે છે.  અહી વસતા લોકો કોઈ એક સાંસ્કૃતિક લક્ષણથી એકબીજા સાથે જોડાયેલા હોય છે.  અહી માનવીને પ્રાકૃતિક મુશ્કેલીઓ વધુ રહે છે.અહી માનવીને આર્થિક પ્રવૃત્તિઓ કરવામાં ખૂબ જ અવરોધો નડે છે.

5. વહીવટી કેન્દ્ર એટલે શું? તેનાં ઉદાહરણો આપો. (July 18)

➢ કોઈ શહેર તેના વહીવટી દરજ્જાને લીધે મહત્ત્વનું બને છે, રાજયોનાં પાટનગર તેના ઉદાહરણો છે. પ્રદેશ, જિલ્લા કે તાલુકા ક્ષેત્રનો વહીવટ કરવા માટે કોઈ એક મથકને પસંદ કરવામાં આવે છે. તેવા મથકને વહીવટી કેન્દ્ર કહે છે. કોલકાતા, મુંબઈ, લંડન, રોમ, દિલ્લી, અમદાવાદ, મોડાસા, હિંમતનગર, ચંડીગઢ, ગાંધીનગર વગેરે વહીવટી કેન્દ્રો છે,